## તંત્રીશ્રીની કલમે

# ભારત રશિયાની સાથે છે : મોદી

રશિયાની રાજધાની મોસ્કો પાસે એક કોન્સર્ટ હોલ પર થયેલા આતંકી હુમલાને કારણે લોકોમાં ગભરાટનો માહોલ છે. આ હુમલામાં અત્યાર સુધીમાં લગભગ ૧૪૦ લોકોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ આતંકવાદી હુમલાની દુનિયાના તમામ દેશોએ નિંદા કરી છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આતંકવાદીઓના આ કાયરતાપૂર્ણ કૃત્યની નિંદા કરી છે. તેમજ હુમલામાં માર્યા ગયેલા લોકો પ્રત્યે શોક વ્યક્ત કર્યો હતો.

પીએમ નરેન્દ્ર મોદીએ પોતાના સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે. જ્યાં તેણે લખ્યું છે કે અમે મોસ્કોમાં જઘન્ય આતંકવાદી હુમલાની સખત નિંદા કરીએ છીએ. વધુમાં, પીએમએ લખ્યું કે અમારી સંવેદના અને પ્રાર્થના પીડિતોના પરિવારો સાથે છે. ભારત દુખની આ ઘડીમાં રશિયન ફેડરેશનની સરકાર અને લોકો સાથે એકતામાં ઊભું છે.

સાઉદી વિદેશ મંત્રાલયે આ હુમલાની નિંદા કરી છે. મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે સાઉદી ઉગ્રવાદ અને આતંકવાદનો સામનો કરવાના મહત્વ પર ભાર આપી રહ્યું છે. મોસ્કોમાં સાઉદી એમ્બેસીએ નાગરિકોની સાવચેતી માટે એક નંબર ( ૭૯૧૭૫૧૧૦૮૧૫) જારી કર્યો છે. આ સાથે, દૂતાવાસે નાગરિકોને સાવચેતી રાખવા અને હુમલાના સ્થળની આસપાસના વિસ્તારથી દૂર રહેવા અને સ્થાનિક અધિકારીઓ દ્વારા જારી કરાયેલી સૂચનાઓનું પાલન કરવા જણાવ્યું હતું.

અમેરિકાએ પણ રશિયામાં થયેલા હુમલાની નિંદા કરી છે. વ્હાઈટ હાઉસના પ્રવક્તા જોન કિર્બીએ કહ્યું કે આ હિંસક ગોળીબારની ઘટના છે. આ અંગે માહિતી એકત્ર કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કિર્બીએ કહ્યું કે અમારી સંવેદના હુમલાના પીડિતો સાથે છે. આ સાથે તેમણે કહ્યું કે મોસ્કોમાં યુએસ એમ્બેસીએ તમામ અમેરિકન નાગરિકોને નોટિસ જારી કરી છે કે તેઓ કોઈપણ ફંક્શન, કોન્સર્ટ અને શોપિંગ મોલમાં જવાનું ટાળે. સાવધાની રાખવાની પણ સલાહ આપી છે. આ સિવાય ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પણ મોસ્કોમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી હતી.

## હવે છેક જાપાન સુધી RRRએ ડંકો વગાડ્યો

*ઓસ્કર વિજેતા ફિલ્મ RRRની સફળતાનો સિલસિલો હજુ પણ યથાવત છે. બે વર્ષ બાદ પણ આ ફિલ્મ દર્શકોને ખૂબ જ પસંદ આવી રહી છે. દેશ જ નહીં વિદેશોમાં પણ તેની દિવાનગી છે. જાપાનમાં તો RRRનો એટલો ક્રેઝ છે કે હવે તેનુ રૂપાંતરણ મ્યૂઝિકલ પ્લેના રૂપમાં કરવામાં આવ્યું છે. આ જોઈને નિર્દેશક એસએસ રાજામૌલીની ખુશીનો પાર નથી રહ્યો. એસ એસ રાજામૌલી હાવ જાપાનમાં છે. RRRના મ્યૂઝિકલ પ્લેના રૂપાંતર દરમિયાન તેમને સ્ટેડિંગ ઓવેશન આપવામાં આવી અને આખુ થિએટર તાલીઓના અવાજથી ગૂંજી ઉઠ્યું. રાજામોલીએ સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરી ખુશી વ્યક્ત કરી છે. રાજામૌલીના નિર્દેશનમાં બનેલી RRRને જાપાનના દર્શકોએ ભરપૂર પ્રેમ આપ્યો છે અને તે ફિલ્મને બોક્સ ઓફિસ પર ખૂબ જ સારૂ કલેક્શન કર્યું. હજુ પણ જાપાની દર્શકોની વચ્ચે આ ફિલ્મની દિવાનગી ઓછી નથી થઈ રહી. રિલીઝના લગભગ બે વર્ષ બાદ જાપાનની ૧૧૦ વર્ષ જુની સંગીત થિએટર કંપની તાકારઝુકાએ આ ફિલ્મ પર મ્યૂઝિક પ્લેનું રૂપાંતર કર્યું. રાજામૌલીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ફોટો શેર કર્યા છે. રાજામૌલીએ લખ્યું, આ ખૂબ જ સન્માનની વાત છે કે અમારી ફિલ્મ RRR ૧૧૦ વર્ષ જુની તાકારઝુકા કંપનીએ મ્યૂઝિકલના રૂપમાં રૂપાંતરિત કરી છે.*

## ધ્વનિ ભાનુશાલી એક ગીત ગાવાના ૭ થી ૮ લાખ લે છે

સિંગર ધ્વનિ ભાનુશાલી એક મોટું નામ છે. જ્યારે ઈન્ડસ્ટ્રીમાં સ્ટાઈલિશ અને ગ્લેમસરની વાત કરવામાં આવે ત્યારે ધ્વનિનું નામ ટોપ લિસ્ટમાં સૌથી પહેલાં આવે છે. આ સિવાય ધ્વનિને સોશિયલ મિડીયા સેન્શુઅલ કહેવામાં આવે છે. ૨૨ માર્ચ ૧૯૯૮ના રોજ મુંબઈમાં જન્મેલી ધ્વનિ ૧૩ વર્ષની ઉંમરથી સોન્ગથી ગાય છે. આ સિવાય મોડલિંગ, ડાન્સિંગ અને એક્ટિંગ કરવાનો પણ ખૂબ શોખ છે. ૨૫ વર્ષની થઇ ગયેલી ધ્વનિને અનેક નામે રેકોર્ડ છે. એમને કરિયરમાં લગભગ ૫૦ કરતા પણ વધારે ગીત ગાયા છે. સાઈકો સૈંયા, સત્યમેવ જયતેનું આઈટમ સોન્ગ દિલબર અને લે જા રે, વાસ્તે, કેન્ડી, આલ્બર મેંહદી અને મેરા યાર માટે ધ્વનિ દર્શકોની વચ્ચે ખૂબ ફેમસ છે. ધ્વનિએ લેજા રે અને વાસ્તે માટે યુટ્યૂબ પર ૧.૪ બિલિયન વ્યુઝ હાસિલ કર્યા છે. આ ગીતને કારણે ધ્વનિ રાતોરાત સેન્સેશન બની ગઇ હતી. વાસ્તે ગીતથી ધ્વનિ માત્ર દેશમાં જ નહીં પરંતુ વિદેશોમાં પણ ધૂમ મચાવી દીધી હતી. આ ગીત ગ્લોબલ ટોપ ૧૦૦ના લિસ્ટમાં શામેલ છે. આ રેકોર્ડ પછી ધ્વનિ ઇતિહાસ રચનારી પહેલી સિંગર બની ગઇ છે. સ્ટ્રીટ ડાન્સર ૩ડીનું ગીત નાચી નાચી ગાઇને એને ઓડિયન્સના દિલમાં પોતાની અલગ ઓળખ બનાવી લીધી છે. વર્ષ ૨૦૧૭માં ધ્વનિએ એમટીવી અનપ્લગ્ડ સીઝન ૭ની સાથે અમાલ મલિક દ્વારા લિખિત નૈના ગીત ગાઇને ટીવી પર શરૂઆત કરી હતી. ત્યારબાદ ધ્વનિએ અનેક હિટ ગીતોમાં કામ કર્યુ અને મોટી સફળતા મળી.વર્ષ ૨૦૧૮માં બોલિવૂડમાં ડેબ્યુ કર્યુ હતુ. ધ્વનિ મ્યુઝિક ઈન્ડસ્ટ્રીના સૌથી મોટા વ્યક્તિઓ સાથે સંબંધ ધરાવે છે. પિતા વિનોદ ભાનુશાલી ટી-સિરીઝ માટે કામ કરતી કંપનીના પ્રેસિડન્ટ હતા. કહેવાય છે કે ત્યારબાદ ટી-સિરીઝથી અલગ થયા બાદ એમને પોતે પ્રોડક્શન હાઉસ ભાનુશાલી સ્ટુડિયોઝ લિમીટેડ લોન્ચ કર્યું. આટલું જ નહીં, ધ્વનિ પોતાની યુટ્યુબ ચેનલ પણ ચલાવે છે. આ કારણે લોકોની વચ્ચે ખૂબ પોપ્યુલર છે. આ સમયે ધ્વનિની યુટ્યુબ ચેનલને લગભગ ૩.૩૬ મિલિયન સબ્સક્રાઈબર્સ છે. જ્યારે ધ્વનિનો ફેન વર્ગ બહુ મોટો છે.

## ખામીયુક્ત બેકઅપ કેમેરાને કારણે ટેસ્લા યુએસમાં ૨,૦૦,૦૦૦ વાહનોને પાછા બોલાવ્યા

ખામીયુક્ત બેકઅપ કેમેરાને કારણે ટેસ્લા યુએસમાં ૨૦૦,૦૦૦ વાહનોને પાછા બોલાવી રહી છે. એવા અહેવાલો હતા કે જ્યારે કાર પાછળની તરફ હોય ત્યારે કેમેરા ચાલુ નહીં થાય, જે એક વિશાળ સુરક્ષા સમસ્યા છે અને તે પ્રથમ સ્થાને તે કેમેરાનો સંપૂર્ણ મુદ્દો છે. ટેસ્લાએ સંભવિત રૂપે સમસ્યા સંબંધિત ૮૧ વોરંટી દાવાઓ પર પ્રક્રિયા કરી છે, ટેસ્લા કહે છે કે તે ૨૦૨૩ માં ૧.૮ મિલિયન વાહનોનું વિતરણ કરે છે, તેથી રિકોલ કંપનીના વાર્ષિક ઉત્પાદનના ૧૦ ટકાથી વધુનું પ્રતિનિધિત્વ કરે છે. યુએસ નેશનલ હાઈવે ટ્રાફિક સેફ્ટી એડમિનિસ્ટ્રેશન એ આ બાબતે એક નિવેદન બહાર પાડ્યું અને કહ્યું કે સમસ્યા માટે સોફ્ટવેર સમસ્યા જવાબદાર છે. તે માટે, પાછા બોલાવવામાં આવેલા તમામ વાહનોમાં ટેસ્લાનું "ફુલ સેલ્ફ-ડ્રાઈવિંગ" કમ્પ્યુટર ૪.૦ છે અને સોફ્ટવેર વર્ઝન ૨૦૨૩.૪૪.૩૦ થી ૨૦૨૩.૪૪.૩૦.૬ અથવા ૨૦૨૩.૪૪.૧૦૦ સુધી ચાલે છે. ટેસ્લા માલિકો ચકાસી શકે છે કે તેઓ કયું સોફ્ટવેર વર્ઝન ચલાવી રહ્યા છે. અનુસાર, કંપનીએ ખામીને ઠીક કરવા માટે ઓવર-ધ-એર સોફ્ટવેર અપડેટ બહાર પાડ્યું છે.

# ગુજરાતના કેટલાક એવા મતદાન મથકો, જે 'Every Vote Counts' ના અભિગમને સાર્થક કરે છે

મતદારોની દ્રષ્ટીએ ભારત એ વિશ્વની સૌથી મોટી લોકશાહી છે, જે સર્વવિદિત છે. સાથોસાથ, વિશાળ અને વૈવિધ્યસભર ભૂપૃષ્ઠોને કારણે પણ દેશનો એકપણ નાગરિક મતદાનના અધિકારથી વંચિત રહી ન જાય તે સુનિશ્ચિત કરવું એ પણ મોટો પડકાર છે. પરંતુ ભારતના ચૂંટણી પંચના 'Every Vote Counts' ના અભિગમને સાર્થક કરવામાં દેશનું ચૂંટણી તંત્ર હંમેશ સુસજ્જ છે. ગુજરાત રાજ્યમાં પણ એવા અનેક વિસ્તારો છે, જ્યાં પરિવહનની જરૂરી વ્યવસ્થાઓના અભાવે પહોંચવું મુશ્કેલીભર્યું હોય છે અથવા મતદારોને મતદાન કરવા દૂર સુધીનું અંતર કાપવું પડે છે. આવી તમામ વિપરિત પરિસ્થિતિઓમાં પણ મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીના નેતૃત્વમાં રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા રાજ્યભરના ૧૧ સ્થળોએ વિશિષ્ટ મતદાન મથક તૈયાર કરવામાં આવ્યા છે. તો આવો જાણીએ એવા મતદાન મથકો વિશે, જે ભારતના ચૂંટણી પંચના 'Every Vote Counts' ના સંકલ્પને સાર્થક કરવા રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલા સંનિષ્ઠ પ્રયાસોની સાક્ષી પૂરી રહ્યા છે.

(૧) જિલ્લોઃ ગીર સોમનાથ, (મતદાન મથકઃ ૩-બાણેજ), ૯૩-ઉના વિધાનસભા મતવિભાગ

ગીર અભયારણ્યના ઊંડા જંગલોમાં બાણેજ વિસ્તારમાં એકલા વ્યક્તિ- મહંત હરિદાસજી ઉદાસીન વસે છે, જેઓ બાણેજ વિસ્તારમાં આવેલા ભગવાન શિવના મંદિરના પૂજારી છે. આ એકલા મતદાર માટે ૨૦૦૭ થી દરેક ચૂંટણી દરમિયાન એક ખાસ મતદાન મથકની સ્થાપના કરવામાં આવે છે, જે ભારતના ચૂંટણી પંચની 'Every Vote Counts' ની ભાવનાને ચરિતાર્થ કરે છે. મંદિરની નજીક આવેલી ફોરેસ્ટ ઓફિસમાં બૂથની સ્થાપના કરવામાં આવે છે. બૂથની સ્થાપના માટે એક સમર્પિત મતદાન ટીમ નિયુક્ત કરવામાં આવે છે અને એકલા મતદારને તેમનો મત આપી શકે તે માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે છે.

(૨) જિલ્લોઃ ગીર સોમનાથ, (મતદાન મથકઃ સાપ નેસ બિલિયા), ૯૩-ઉના વિધાનસભા મતવિભાગ

સાપ નેસ બિલિયા એ ગીરના જંગલની અંદરનો એક એવો નાનો નેસ છે, જેની નજીકમાં કોઈ અન્ય માનવ વસવાટ નથી. આ નેસમાં ૨૦૦૭ થી ૨૩ પુરૂષો અને ૧૯ મહિલા મતદારો મળી માત્ર ૪૨ મતદારો માટે તંબુ (ટેંટ) માં એક ખાસ મતદાન મથક ઉભું કરવામાં આવ્યું છે.

(૩) જિલ્લોઃ ગીર સોમનાથ, (મતદાન મથકઃ ૮૯, ૯૦, ૯૧ માધુપુર – જાંબુર), ૯૧-તલાળા વિધાનસભા મતવિભાગ

૧૪મી અને ૧૭મી સદી દરમિયાન ભારતમાં આવેલા પૂર્વ આફ્રિકન લોકોના વંશજ સિદ્દીઓ અહીં રહે છે. તેમના મતદાન માટે મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. જ્યાં કુલ ૩,૫૧૫ મતદારો છે.

(૪) જિલ્લોઃ અમરેલી, ચમતદાન મથકઃ શિયાળબેટ ટાપુ (૫ બુથ), ૯૮-રાજુલા વિધાનસભા મતવિભાગ

શિયાળબેટ એ અરબી સમુદ્રમાં આવેલો નાનો ટાપુ છે, જે અમરેલી જીલ્લાના કિનારે પૂર્વ બાજુએ આવેલો છે. શિયાળબેટ ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૭૫.૩૨ હેક્ટર છે, જેમાં ૮૩૨ જેટલા મકાનો છે. મોટાભાગના રહેવાસીઓ માછીમાર સમુદાયના છે. શિયાળબેટ ગામ રાજુલા વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવે છે. બોટ દ્વારા દરિયાઈ માર્ગ સિવાય આ ટાપુને મુખ્ય ભૂમિ સાથે કોઈ જોડાણ નથી. આસિસ્ટન્ટ ઝોનલ ઓફિસર, સુરક્ષા કર્મચારી, મતદાન સ્ટાફ, બૂથ લેવલ ઓફિસર વગેરે સહિત લગભગ ૫૦ કર્મચારીઓની બનેલી પોલિંગ ટીમ ટાપુ પર બોટ દ્વારા પ્રવાસ કરે છે અને શિયાળબેટ ટાપુમાં ૫,૦૪૮ મતદારો માટે દરેક ચૂંટણી દરમિયાન મતદાન મથકો ઉભા કરે છે. ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકાને અનુસરીને ૦૫ મતદાન મથકોની સ્થાપના કરવામાં આવી છે.

(૫) જિલ્લોઃ ભરૂચ, (મતદાન મથકઃ ૬૯-આલીયાબેટ), ૧૫૧-વાગરા વિધાનસભા મતવિભાગ

આલીયાબેટ એ ભાડભુત બેરેજનું એક અલગ સ્થળ છે, જે વહીવટી રીતે ભરૂચ જિલ્લાના વાગરા તાલુકા (૧૫૧-વાગરા વિધાનસભા મતવિસ્તાર) હેઠળ આવે છે. જેમાં ૧૩૬ પુરૂષ અને ૧૧૮ સ્ત્રી મળી કુલ ૨૫૪ મતદારો છે. આલીયાબેટ અગાઉ ૧૫૧-વાગરા વિધાનસભા મતવિસ્તારમાં મતદાન મથક ૬૮-કલાદ્રા-૦૨નો ભાગ હતો. પરંતુ તે અન્ય વસાહતોથી ઘણું દૂર હતું અને તેથી મતદારોને બસ દ્વારા નજીકના મતદાન મથકો પર લાવવામાં આવતા હતા. મતદારોને મતદાન મથક સુધી પહોંચવા માટે લાંબા અંતર સુધી પ્રવાસ કરવો પડતો હતો. ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨થી જિલ્લા વહીવટી તંત્રએ પહેલ કરી આલીયાબેટ ખાતે શિપિંગ કન્ટેનરની વ્યવસ્થા કરી આ કન્ટેઈનરમાં તમામ Assured Minimum Facilities (AMF) પુરી પાડી મતદાન મથક ઉભું કરવામાં આવ્યું છે. જેનાં પરીણામે મતદારો લાંબા અંતરની મુસાફરી કરવાને બદલે રહેઠાણથી નજીકની જગ્યાએ મતદાન કરી શકશે. ગુજરાત કેવી રીતે સુલભ ચૂંટણીના સૂત્રને સુનિશ્ચિત કરી રહ્યું છે તેનું આ ઉદાહરણ છે.

(૬) જિલ્લોઃ મહીસાગર, (મતદાન મથકઃ ૨૦- રાઠડા બેટ), ૧૨૩-સંતરામપુર વિધાનસભા મતવિભાગ

રાઠડા બેટ એ મહિસાગર નદીમાં મહીસાગર જિલ્લાના કડાણા ડેમના જળાશય વિસ્તારમાં આવેલો એક અનોખો બેટ છે. આ બેટ પર ૩૮૧ પુરૂષ અને ૩૪૪ સ્ત્રી મળી લગભગ ૭૨૫ મતદારો છે, જેઓ મુખ્યભૂમિથી દૂર તેમના મૂળ બેટ પર રહેવાનું પસંદ કરે છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ બેટ પર એક મતદાન મથક સ્થાપિત કરવામાં આવ્યું છે, જેથી મતદારો તેમના મત આપવાના મૂળભૂત અધિકારથી વંચિત ન રહે. પરિવહનનો એકમાત્ર રસ્તો બોટ છે, પોલિંગ સ્ટાફ બોટ દ્વારા મુસાફરી કરે છે અને મતદાન મશીનો સાથે તમામ જરૂરી સામગ્રી લઈ જાય છે. મતદાન મથક માટે તેની ભૌતિક અને ભૌગોલિક વિશિષ્ટતા અને અંતરને ધ્યાનમાં રાખીને અલાયદો માર્ગ નક્કી કરવામાં આવે છે. બેટ પરની શાળાનો મતદાન મથક તરીકે ઉપયોગ થાય છે. જ્યાં તમામ ખાતરીપૂર્વકની લઘુત્તમ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. સર્વસમાવેશી ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે ગુજરાતના પ્રયાસનું આ ઉત્તમ ઉદાહરણ છે.

(૭) જિલ્લોઃ નર્મદા, (મતદાન મથકઃ ચોપડી -૨), ૧૪૯- ડેડિયાપાડા વિધાનસભા મતવિભાગ

નર્મદા જિલ્લો ગાઢ જંગલો અને આદિવાસી વસતી ધરાવતો પર્વતીય જિલ્લો છે. જેમાં અંતરીયાળ વિસ્તારમાં લોકો છુટાછવાયા પરા વિસ્તારમાં રહેતા હોય છે. રીંગપાદરફળિયા નામનું એક પરૂ હાલના મતદાન મથક ચોપડી (પી.એસ નં. ૦૪) થી તેના મુશ્કેલ ભૂપ્રદેશ અને મુખ્ય ગામથી ખૂબજ અંતરીયાળ હોવાથી મતદારોની સુવિધા માટે અલગ કરીને એક નવું મતદાન મથક ચોપડી-૦૨ (પી.એસ નં. ૦૪) બનાવવામાં આવ્યું છે, જે ગામની નજીક હોવાથી મતદારોને લાંબી મુસાફરી ન કરવી પડે. આ નવા મતદાન મથકમાં માત્ર ૧૩૪ મતદારો (૭૨ પુરૂષો અને ૬૨ મહિલા) છે. મતદાન મથક મુશ્કેલ પહાડી પ્રદેશો અને જંગલ પ્રદેશોથી ઘેરાયેલું છે. તાલુકા મથકથી આ મતદાન મથકનું અંતર ૩૭ કિલોમીટર છે. આ મતદાન મથક સુલભ ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે જિલ્લા વહીવટી તંત્રના સંનિષ્ઠ પ્રયાસોની સાક્ષી પૂરે છે.

(૮) જિલ્લોઃ પોરબંદર, (મતદાન મથકઃ ૬૩– સાતવિરડા નેસ, ૬૪ – ભુખબરા નેસ, ૬૫ – ખારાવિરા નેસ), ૮૪- કુતિયાણા વિધાનસભા મતવિભાગ

પોરબંદર જિલ્લો બરડા પર્વતમાળા અને જંગલ વિસ્તાર ધરાવતો જિલ્લો છે. જેમાં ત્રણ મતદાન મથકો બરડા પર્વતમાળાના પ્રતિબંધિત જંગલ વિસ્તારમાં આવેલા છે, જે ૮૪-કુતિયાણા વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવે છે. એટલે કે ૬૩-સાતવિરડા નેસ (૮૮૩ મતદારો), ૬૪-ભુખબરા નેસ (૬૩૪ મતદારો) અને ૬૫-ખારાવીરા નેસ (૭૮૭ મતદારો); આ મતદાન મથકો પ્રતિબંધિત જંગલ વિસ્તારમાં આવેલા હોવાથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છસ્લ્ઞ અને કોમ્યુનિકેશન માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવે છે. આ ત્રણ મતદાન મથકો માટે સમર્પિત સેક્ટર રૂટ બનાવવામાં આવ્યા છે. ત્રણેય મતદાન મથકો શેડો એરિયા હેઠળ આવે છે અને સંદેશાવ્યવહારનું એકમાત્ર માધ્યમ વાયરલેસ સેટ છે.

(૯) જિલ્લોઃ દેવભૂમિ દ્વારકા, (મતદાન મથકઃ ૬૮ – અજાડ ટાપુ), ૮૧-ખંભાળીયા વિધાનસભા મતવિભાગ

૬૮ – અજાડ ટાપુ મતદાન મથક દેવભૂમિ દ્વારકાના ૮૧ – ખંભાળિયા મતવિસ્તારમાં આવેલું છે, જે ટાપુ દરિયા કિનારાથી લગભગ ૧૦ કિ.મી. દૂર આવેલું છે. આ વિસ્તારના માત્ર ૪૦ જેટલા મતદારો માટે તંબુ (ટેંટ) માં મતદાન મથક તૈયાર કરવામાં આવે છે.

(૧૦) જિલ્લોઃ દેવભૂમિ દ્વારકા, (મતદાન મથકઃ ૨૯૯ – કિલેશ્વર નેસ), ૮૧-ખંભાળીયા વિધાનસભા મતવિભાગ

૨૯૯–કિલેશ્વરનેસ મતદાન મથક દેવભૂમિ દ્વારકાના ૮૧–ખંભાળિયા મતવિસ્તારમાં આવેલું છે, જે નેસ વિસ્તારમાં બરડા પર્વતના ઊંડા જંગલ વિસ્તારમાં આવેલું છે. આ વિસ્તારમાં ૫૧૬ મતદારો નોંધાયેલા છે. તે મતદાન મથક સાથે સંપર્ક કરવાનું એકમાત્ર સાધન વાયરલેસ સેટ છે.

(૧૧) જિલ્લોઃ જુનાગઢ, (મતદાન મથકઃ ૨૯૦ – કનકાઈ), ૮૭-વિસાવદર વિધાનસભા મતવિભાગ

કનકાઈ મતદાન મથક ઊંડા જંગલ વિસ્તારમાં અને "નેસ" વિસ્તારમાં સ્થિત છે. આ વિસ્તારમાં કુલ ૧૨૧ મતદારો નોંધાયેલા છે. સંદેશાવ્યવહારનું એકમાત્ર સાધન વાયરલેસ સેટ છે.

# કેજરીવાલ જેલમાંથી સરકાર ચલાવશે : આતિશી

નવીદિલ્હી, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરવામાં આવી છે. ગુરુવારે બે કલાકની પૂછપરછ બાદ ઈઙ્ઘએ તેની ધરપકડ કરી હતી. દિલ્હીના કથિત દારૂ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં સીએમ કેજરીવાલની ધરપકડ કરવામાં આવી છે. અરવિંદ કેજરીવાલની પદ પર રહેતા ધરપકડ કરવામાં આવી હોય. તેમની પહેલાં, તે જ વર્ષે, ઝારખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હેમંત સોરેનની પણ ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ તેમની ધરપકડ પહેલા તેમણે રાજીનામું આપી દીધું હતું. આમ આદમી પાર્ટીએ સીએમ કેજરીવાલની ધરપકડને 'રાજકીય કાવતરું' ગણાવ્યું છે. તમામ વિરોધ પક્ષોએ પણ તેને ખોટું ગણાવ્યું છે. જોકે દિલ્હી સરકારના મંત્રી આતિશીએ કહ્યું કે અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી હતા, છે અને રહેશે. આતિશીએ કહ્યું, 'અમે પહેલા જ કહ્યું છે કે જો જરૂર પડશે તો કેજરીવાલ જેલમાંથી સરકાર ચલાવશે. તેઓ જેલમાંથી સરકાર ચલાવી શકે છે અને કોઈ નિયમ તેમને આમ કરતા રોકી શકે નહીં. તેમને દોષિત ઠેરવવામાં આવ્યા નથી, તેથી તેઓ દિલ્હીના મુખ્ય પ્રધાન રહેશે.

અગાઉ ગયા વર્ષે નવેમ્બરમાં જ્યારે ઈઙ્ઘએ કેજરીવાલને પહેલું સમન્સ જાહેર કર્યું હતું ત્યારે આમ આદમી પાર્ટીના નેતાઓએ પણ તેમની ધરપકડની આશંકા વ્યક્ત કરી હતી. તે સમયે પણ પાર્ટીના નેતાઓએ કહ્યું હતું કે કેજરીવાલ જેલમાંથી જ સરકાર ચલાવશે. જેલમાંથી સરકાર ચલાવવી થોડી અતાર્કિક લાગે છે, પરંતુ મુખ્યમંત્રીને આમ કરતા રોકી શકે એવો કોઈ કાયદો કે નિયમ નથી. તેમ છતાં કેજરીવાલ માટે જેલમાંથી સરકાર ચલાવવી મુશ્કેલ છે. વાસ્તવમાં જ્યારે પણ કોઇ કેદી તરીકે આવે છે ત્યારે તેણે ત્યાં જેલ મેન્યુઅલનું પાલન કરવું પડે છે. જેલમાં દરેક કામ વ્યવસ્થિત રીતે થાય છે. જેલ મેન્યુઅલ મુજબ જેલમાં દરેક કેદીને તેના સંબંધીઓ અથવા મિત્રોને અઠવાડિયામાં બે વાર મળવાની છૂટ છે. દરેક મીટીંગનો સમય પણ અડધો કલાકનો છે. આટલું જ નહીં, જેલમાં બંધ નેતા ચૂંટણી લડી શકે છે અને ગૃહની કાર્યવાહીમાં પણ ભાગ લઈ શકે છે, પરંતુ ત્યાં કોઈપણ પ્રકારની બેઠક યોજી શકે નહીં. ઈઙ્ઘએ જાન્યુઆરીમાં હેમંત સોરેનની ધરપકડ કરી ત્યારે સ્ન્છ કોર્ટે તેમને વિશ્વાસ મતમાં ભાગ લેવાની મંજૂરી આપી હતી. આ સિવાય કેદી જ્યાં સુધી જેલમાં હોય છે ત્યાં સુધી તેની ઘણી બધી ગતિવિધિઓ કોર્ટના આદેશ પર નિર્ભર હોય છે. કેદી તેના વકીલ દ્વારા કોઈપણ કાયદાકીય દસ્તાવેજ પર સહી કરી શકે છે. પરંતુ કોઈપણ સરકારી દસ્તાવેજ પર સહી કરવા માટે કોર્ટની મંજૂરી લેવી પડશે. અરવિંદ કેજરીવાલ હજુ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવા માટે બંધાયેલા નથી. તેઓ પોતાની મરજીથી રાજીનામું આપે તો અલગ વાત છે. અને પછી કોઈ નવા મુખ્યમંત્રી બને છે. ૧૯૫૧ના લોકપ્રતિનિધિત્વ અધિનિયમમાં ક્યાંય એવો ઉલ્લેખ નથી કે કોઈપણ મુખ્યમંત્રી, મંત્રી, સાંસદ કે ધારાસભ્ય જો જેલમાં જાય તો તેણે રાજીનામું આપવું પડશે. કાયદા અનુસાર, મુખ્યમંત્રીને ત્યારે જ ગેરલાયક ઠેરવી શકાય છે જો તે કોઈ કેસમાં દોષિત સાબિત થાય. આ કેસમાં કેજરીવાલને હજુ સુધી દોષી ઠેરવવામાં આવ્યા નથી. હાલમાં જ તેની ધરપકડ કરવામાં આવી છે. જો કે, જો અરવિંદ કેજરીવાલ રાજીનામું નહીં આપે તો દિલ્હીમાં બંધારણીય કટોકટીનો ભય છે. કારણ કે તેના જેલમાં રહેવાથી સરકારી કામમાં અડચણ આવી શકે છે. કેજરીવાલ રાજીનામું આપે તો પણ તેઓ ધારાસભ્ય જ રહેશે. કારણ કે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ મુજબ ધારાસભ્ય કે સાંસદને ત્યારે જ ગેરલાયક ઠરાવી શકાય છે જ્યારે તેને ફોજદારી કેસમાં બે વર્ષ કે તેથી વધુની સજા થઈ હોય.જોકે, દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ રામનિવાસ ગોયલ સહિત આમ આદમી પાર્ટીના નેતાઓનું કહેવું છે કે કેજરીવાલ રાજીનામું આપશે નહીં. અત્યારે આવું થવાની કોઈ શક્યતા નથી. મુખ્યમંત્રીને પદ પરથી હટાવવા માટે ગૃહમાં અવિશ્વાસની દરખાસ્ત લાવવી જરૂરી છે. પરંતુ અવિશ્વાસની દરખાસ્ત પણ એવી સ્થિતિમાં લાવવામાં આવે છે જ્યારે એવું લાગે છે કે સરકારે બહુમતી ગુમાવી દીધી છે. જોકે, દિલ્હી વિધાનસભામાં આમ આદમી પાર્ટીની ૭૦માંથી ૬૨ સીટો છે. તેમ છતાં, માની લઈએ કે કેજરીવાલ સરકાર સામે ગૃહમાં અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવે તો તેનું રાજીનામું લગભગ નિશ્ચિત છે. આવી સ્થિતિમાં જ્યાં સુધી કેજરીવાલ પોતે ઈચ્છે નહીં ત્યાં સુધી તેમને મુખ્યમંત્રી પદ પરથી હટાવી શકાય નહીં.ઈઙ્ઘ દિલ્હી સરકારની એક્સાઇઝ પોલિસી ૨૦૨૧-૨૨માં કથિત કૌભાંડમાં મની લોન્ડરિંગની તપાસ કરી રહી છે.

આને દારૂનું કૌભાંડ પણ કહેવાય છે. જુલાઈ ૨૦૨૨ માં, દિલ્હીના તત્કાલિન મુખ્ય સચિવે એલજી વીકે સક્સેનાને રિપોર્ટ સોંપ્યો હતો. જેમાં એક્સાઇઝ પોલિસીમાં ગેરરીતિના આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ મામલે પહેલા ઝ્રમ્ૈંએ કેસ નોંધ્યો અને પછી ઈઙ્ઘએ. દિલ્હીના તત્કાલિન ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાની ગયા વર્ષે ૨૬ ફેબ્રુઆરીએ દારૂના આ કથિત કૌભાંડમાં ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ ૪ ઓક્ટોબરે આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહની પણ ઈઙ્ઘ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ગયા વર્ષે જ ૨ નવેમ્બરે ઈઙ્ઘએ કેજરીવાલને પહેલું સમન્સ મોકલ્યું હતું. , પરંતુ કેજરીવાલ હાજર થયા નથી. ગુરુવારે દિલ્હી હાઈકોર્ટે કેજરીવાલની ધરપકડ પર રોક લગાવવાની અરજી ફગાવી દીધી હતી. ઈઙ્ઘની ટીમ ગુરુવારે સાંજે ૭ વાગ્યે સીએમના નિવાસસ્થાને પહોંચી હતી અને બે કલાકની પૂછપરછ બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. બંધારણના અનુચ્છેદ ૩૬૧ હેઠળ રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ જ્યાં સુધી હોદ્દા પર હોય ત્યાં સુધી તેમની ધરપકડ કરી શકાતી નથી કે અટકાયત પણ કરી શકાતી નથી. કોઈ કોર્ટ પણ તેની સામે કોઈ આદેશ આપી શકે નહીં.

પરંતુ વડાપ્રધાન, મુખ્યમંત્રી, મંત્રી, સાંસદ કે ધારાસભ્યને આવી છૂટ નથી. સિવિલ પ્રોસિજર કોડની કલમ ૧૩૫ હેઠળ વડા પ્રધાન, કેન્દ્રીય પ્રધાનો, લોકસભા અને રાજ્યસભાના સભ્યો, મુખ્ય પ્રધાન, વિધાનસભા અને વિધાન પરિષદના સભ્યોને માત્ર સિવિલ કેસમાં ધરપકડમાંથી મુક્તિ આપવામાં આવે છે. ફોજદારી કેસોમાં નહીં.કારણ કે, ઈઙ્ઘ કથિત દારૂ કૌભાંડમાં મની લોન્ડરિંગની તપાસ કરી રહી છે અને તે ફોજદારી કેસ છે. જેના કારણે સીએમ કેજરીવાલની ધરપકડ કરવામાં આવી છે. અરવિંદ કેજરીવાલની ધરપકડના કલાકો પહેલા જ તેના વકીલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. તેણે ધરપકડને પડકારી છે.કેજરીવાલના વકીલોએ સુપ્રીમ કોર્ટના રજિસ્ટ્રારને ગુરૂવારે રાત્રે જ સુનાવણી હાથ ધરવાની અપીલ કરી હતી. જોકે, આવું થઈ શક્યું નહીં. હવે શુક્રવારે કેજરીવાલના વકીલો આ મામલાને સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કરશે. તે પછી જ સ્પષ્ટ થશે કે સુપ્રીમ કોર્ટ આની સુનાવણી કરશે કે નહીં. જો સુપ્રીમ કોર્ટ સુનાવણી કરે અને કેજરીવાલને રાહત મળે તો તેમને મુક્ત કરી શકાય. પરંતુ જો કોર્ટનો નિર્ણય તેની વિરુદ્ધ જશે તો તેણે જેલમાં રહેવું પડશે.

**જાહેર નોટીસ**

આથી જણાવવાનુ કે GOVERNMENT OF INDIA MOEF અને સ્ટેટ એનવાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી (SEIAA) ગુજરાત તેઓના ઓર્ડર ક્રમાંક SEIAA/GUJ/EC/5(ક)/૯૧૮/૨૦૨૩ તાઃ ૧૯.૦૭.૨૦૨૩ થી પ્રણવ કેમીકલ્સ (યુનિટ–૨), પ્લોટ નંબર સી-૧૫૨ અને સી-૧૫૩, સાયખા ઈન્ડસ્ટ્રિઅલ એસ્ટેટ, તાઃ વાઘરા, જિલ્લોઃ ભરુચ, ગુજરાત ને [illegible] ના તાઃ ૧૪.૦૯.૨૦૦૬ ના નોટીફીકેશન હેઠળ સિન્થેટીક ઓર્ગેનીક કેમિકલ્સના ઉત્પાદન કરવાના પ્લાંટ બનાવવા માટે એનવાયરમેન્ટ ક્લીયરન્સ (EC) મંજુર કરેલ છે.

**ICICI Home Finance**

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટૉવર, અંધેરી- કુર્લા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦૦૫૯, ભારત

બ્રાન્ચ ઓફિસ : ૪થો માળ, ૪૧૦, માઈલસ્ટાન વાયબ્રેન્ટ, એપલ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત- ૩૯૫૦૦૨

( જુઓ નિયમ ૮(૬)ની જોગવાઈઓ

**સ્થાવર મિલકતની વેચાણ નોટીસ**

**સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮(૬) સાથે વંચાતા સિક્યોરિટાઈઝએશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ ની નોટીસ**

આથી ખાસ કરીને કરજદાર/રો અને જમીનદાર/રો અને જાહેર જનતા ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લી.ના અધિકૃત અધિકારીને ગીરો/ચાર્જડ કરાયેલ છે જેનો **ભૌતિક કબ્જો** સિક્યોર્ડ ક્રેડિએટરએ લઈ લીધો છે, "જેનું જ્યાં છે, "જે છે" અને "જેમ છે"ના ધોરણે નીચે કોષ્ટકમાં દર્શાવેલ સંક્ષિપ્ત વિગત મુજબ, આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીની બાકી રકમની વસુલાત માટે ઈ- હરાજી દ્વારા વેચાણ કરવામાં આવશે.

| ક્રમ નં. | કરજદાર, સહકરજદારો /જામીનદારો ના લીગલ હાયર્સ લોન એકાઉન્ટ નંબર અને નામ / | કઈ પણ બોઝો જાણમાં હોય સાથે આરક્ષિત મિલકતની વિગત | બકાયા રકમ | આરક્ષિત કિંમત / અર્નેસ્ટ મની ડિપોઝિટ | મિલકતના નિરીક્ષણ ની તારીખ અને સમય | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| (એ) | (બી) | (સી) | (ડી) | (ઈ) | (એફ) | (જી) |
| ૧. | સતદેવ ઠાકુર (કરજદાર) સવિતાદેવી (સહ કરજદાર) લોન એ/સી નં. LHSUR00001393900 & LHSUR00001394188 | પ્લોટ ઓફ લેન્ડ મૌજે મોટા, આરએસ નં. ૭૩/૧/બી + ૮૩/૧ અને ૭૩/૧/એ, કોન્સોલિડેટેડ બ્લોક નં. ૧૫૪ પછી ( બ્લોક નં. ૧૫૪ અને ૧૫૫) આજીવન રેસીડેન્સી, પૈકી પ્લોટ નં. ૨૦, બારડોલી, જિલ્લો સુરત, ગુજરાત- ૩૯૪૩૧૦. | રૂ. ૧૧,૯૯,૦૬૦/- ૨૬માર્ચ,૨૦૨૪. | રૂ. ૯,૨૫,૨૦૦/- / રૂ. ૯૨,૫૨૦/- | ૨૨ એપ્રિલ, ૨૦૨૪ સવારે ૧૧.૦૦ - બપોરે ૦૩.૦૦ વાગે. | ૦૩ મે, ૨૦૨૪ બપોરે ૦૨.૦૦થી ૦૩.૦૦ કલાકે. |

આ ઓનલાઈન હરાજી વેબસાઈટ (URL Link - -https://BestAuctionDeal.com) પર અમારી ઑક્શન એજેન્સી ગ્લોબ ટેક દ્વારા હાથ ધરવામાં આવશે. ગિરો મુકનારને નોટીસ આપવામાં આવે છે કે છેલ્લી તક કુલ લેણાં ની પરત ચૂકવણી કુલ લેણાં સાથે આગળ વ્યાજ સુધી ૦૨ મે,૨૦૨૪ પહેલાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ચુકવી દેવી. બીજું આ સુરક્ષિત અસ્કયામતો ઉપર મુજબ ના કાર્યક્રમ મુજબ વેચી દેવામાં આવશે . સંભવિત બિડર(ઓ) અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) તે આરટીજીએસ, ડિમાંડ ડ્રાફ્ટ (કોલમ ઈ માં )આપેલ રકમ સબમિટ કરવું પડશે જે **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ ,૪થો માળ, ૪૧૦, માઈલસ્ટાન વાયબ્રેન્ટ, એપલ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત- ૩૯૫૦૦૨.** ખાતે અથવા **૦૨ મે, ૨૦૨૪ ના રોજ સાંજે ૦૪:૦૦** પહેલા અથવા **સાંજે ૦૫:૦૦ તે** પહેલા. કૃપયા નોંધ કરો, સંભવિત બિડર(ઓ) ઉપરોક્ત સમય મુજબ તેમની ઓફર સબમિટ કરવામાં અસમર્થ હોય તો તેની સહી કરેલી નકલ ટેન્ડર દસ્તાવેજો **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ ,૪થો માળ, ૪૧૦, માઈલસ્ટાન વાયબ્રેન્ટ, એપલ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત- ૩૯૫૦૦૨** પર સબમિટ કરી શકાય છે. આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ ઑક્શન તરફેણનો **સુરત ખાતે** નેશનલ શિડ્યુલ્ડ બેંક ની અર્નેસ્ટ મની ડિપોઝિટનો ડિમાંડ ડ્રાફ્ટની સાથે આપવો.

કોઈપણ આગળ સ્પષ્ટતાઓ સાથે સાદર પ્રતિ નિરીક્ષણ શરતો અને શરતો ના આ હરાજી અથવા રજૂઆત ના ટેન્ડર ,માટે સંપર્ક **આઈસીઆઈસીઆઈ હોમ ફોયનાન્સ કંપની લીમીટેડના નંબર ૯૯૨૦૮૦૭૩૦૦** અથવા સેલ્સ એન્ડ માર્કેટિંગ પાર્ટનર નેક્સઝેન સૉલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ પર સંપર્ક કરવો.

સત્તાવાર અધિકારીને બિડને કોઈ પણ વધુ કારણો આપ્યા વિના નકારી કાઢવાનો અધિકાર અનામત રાખે છે.માટે વિગતવાર શરતો અને શરતો ના આ વેચાણ, કૃપા કરીને વેબસાઈટ https://www.icicihfc.com/ ની મુલાકત લો.

**તારીખઃ ૨૯ માર્ચ, ૨૦૨૪**
**સ્થળ : સુરત.**

**અધિકૃત અધિકારી**
**આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ**

**શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ**

SHRIRAM HOUSING FINANCE

**રજી. ઓફિસઃ** ઓફિસ નં.૧૨૩, અન્ગપ્પા નૈકેન સ્ટ્રીટ, ચેન્નાઈ- ૬૦૦૦૦૧
હેડ ઓફિસ : લેવલ ૧, વૉક હાર્ટ ટોવર, ઈસ્ટ વિન્ગ, સી-૨,
જી-બ્લોક, બાંન્દ્રા કુર્લા કોમ્પ્લેક્ષ, મુંબઈ ૪૦૦૦૫૧
વેબસાઈટ : www.shriramhousing.in

**ભૌતિક કબ્જા નોટીસ**

આથી અહીં જણાવવાનું કે નીચે સહી કરનાર શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લિમીટેડ (એસએચએફએલ)ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ **(જણાવેલ કાયદા)** નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ કરજદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.

કરજદારો રકમની પુનઃચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે. પરિણામે કરજદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અહી શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લિમીટેડના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ જણાવેલ કાયદાની પેટા કલમ ૧૩(૪)મુજબ **૨૮/૦૩/૨૦૨૪ના રોજ** કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/તેણી નામે રહેલ મિલ્કતનો ભૌતિક કબ્જો મેળવી લીધો છે.

કરજદાર અને ખાસ કરી જાહેર જનતાને મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ સોદો શ્રી રામ હાઉસિંગ ફાયનાન્સ લી.ની નીચે જણાવેલ રકમ તેમજ તેના પર વ્યાજના ચાર્જને આધિન રહેશે.

કરજદારો ધ્યાન આપે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુક્ત કરાવવાનો સમય મળે છે.

| કરજદારનું નામ અને સરનામું | માંગણા નોટિસ મુજબ બાકી રકમ |
|---|---|
| ૧. મુન્નાભાઈ( કરજદાર) એ૩-૩૦૩, અલકરીમ રેસીડેન્સી, તંદાલજા રોડ, નુરાની પાર્ક પાસે, તંદાલજા, વડોદરા, ગુજરાત ૩૯૦૦૧૨.<br>અન્ય : મુન્ના બંજારા પીઓપી વાલા કૉન્ટ્રેક્ટર એ૩-૩૦૩, અલકરીમ રેસીડેન્સી, તંદાલજા રોડ, નુરાની પાર્ક પાસે, તંદાલજા, વડોદરા, ગુજરાત ૩૯૦૦૧૨.<br>મૌજેઃ પાદરા, વડોદરા, આરએસ નં. ૧૨૪૩/૧, મીરા ૪૪ રેસીડેન્સી, ડુપ્લેક્ષ નં. ૨૨ પ્લોટ, મૌજેઃ પાદરા, ડિસ્ટ્રીક્ટ વડોદરા, ગુજરાત ૩૯૧૪૪૦<br>શ્રીમતી નઝમા ( સહ-કરજદાર) એ૩-૩૦૩, અલકરીમ રેસીડેન્સી, તંદાલજા રોડ, નુરાની પાર્ક પાસે, તંદાલજા, વડોદરા, ગુજરાત ૩૯૦૦૧૨.<br>અન્ય એટ્ઃ મૌજેઃ પાદરા, વડોદરા, આરએસ નં. ૧૨૪૩/૧, મીરા ૪૪ રેસીડેન્સી, ડુપ્લેક્ષ નં. ૨૨ પ્લોટ, મૌજેઃ પાદરા, ડિસ્ટ્રીક્ટ વડોદરા, ગુજરાત ૩૯૧૪૪૦. | રૂા. ૯૧૪૮૫૪/- ( રૂપિયા નવ લાખ ચૌદ હજાર આઠ સો ચૌપન પુરા) જે ૦૮.૦૧.૨૦૨૪ ના અંડર રેફ્રેન્સ લોન એકાઉન્ટ નં. SHLHVDDR0000651 સાથે ઉપરોક્ત નિર્ધારિત વ્યાજ દર,સાથે જણાવેલ નોટીસ પ્રસિધ્ધ અને પ્રાપ્ત થયાના ૬૦ દિવસની અંદર ચુકવી દેવી.<br>૧૩(૨) નોટિસ તારીખ ૧૨/૦૧/૨૦૨૪. |

**ગિરો મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ઓફ નૉન -એગ્રીકલ્ચરલ પ્લોટ ઓફ લેન્ડ જે મૌજે : પાદરા, વડોદરા લેઈંગ બિઈંગ લેન્ડ બેરિંગ આર. એસ .નં. ૧૨૪૩/૧ કુલ માપ એરિયા ૪૫૫૨ સ્કેવર મીટર જે મીરા ૪૪ રેસીડેન્સી, ડુપ્લેક્ષ નં. ૨૨ તરીકે ઓળખાય જેનો પ્લોટ એરિયા માપ ૩૩.૫૪ સ્કેવર મીટર્સ, કારપેટ એરિયા માપ ૩૩.૧૮ સ્કેવર મીટર્સ બિલ્ટ-અપ માપ ૪૨.૮૧ સ્કેવર મીટર્સ, રોડ અને કૉમન પ્લોટ એરિયા માપ ૬૫.૧૪ સ્કેવર મીટર્સ મૌજે : પાદરા , રજીસ્ટ્રેશન સબ ડિસ્ટ્રીક્ટ વડોદરા, ગુજરાત -૩૯૧૪૪૦ છે.

ઉક્ત મિલકતની ચારે બાજુની બાઉન્ડ્રીઓ :- પુર્વે :- બૉય મીટર્સ રોડ, પશ્ચિમે :- હાઉસ નં. ૨૮, ઉત્તરે :- હાઉસ નં. ૨૩, દક્ષિણે :- હાઉસ નં. ૨૧

સ્થળ : વડોદરા
તારીખ : ૨૮.૦૩.૨૦૨૪.

સહી/- અધિકૃત અધિકારી
શ્રી રામ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ